# ભાજપ વિશ્વનો સૌથી મોટો રાજકીય પક્ષ બનશે

## ૧૦ કરોડથી વધુ સભ્યો બનાવવાની યોજના : ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીથી મોટી પાર્ટી બનશે

નવી દિલ્હી,તા. ૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અભૂતપૂર્વ લોકપ્રિયતા વચ્ચે ભાજપ વિશ્વની સૌથી મોટી પાર્ટી બનવાની દિશામાં આગળ વધવા તૈયાર છે. ભાજપ હવે ૧૦ કરોડથી વધારે સભ્યો બનાવવાની યોજના ધરાવે છે. આના માટે ઝુબેશ શરૂ કરી દેવામાં આવી છે. મોદી મોદીના નારા અને ઉત્સાહ વચચે ભાજપને આ ટાર્ગેટ પાડવામાં તકલીફ દેખાઇ રહી નથી. જો ભાજપ આ ટાર્ગેટ હાંસલ કરી લેશે તો પાર્ટી ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટી કરતા આગળ નિકળી



જશે. ચીનની પાર્ટીમાં સભ્ય સંખ્યા હાલમાં આશરે આઠ કરોડ છે. તેને વિશ્વની સૌથી મોટી પાર્ટી તરીકે ગણવામાં આવે છે. ભાજપમાં હાલ સભ્યોની સંખ્યા આશરે ત્રણ કરોડ છે. સુત્રોએ કહ્યું છે કે પાર્ટી પ્રમુખ અમિત શાહ આ સંખ્યાને ચાર ગણી વધારી દેવા માંગે છે. કેટલા સભ્યો બનાવી શકાશે તે અંગે વાત કરવી મુશ્કેલ છે. આ પ્રશ્નના જવાબમાં પાર્ટીના રાષ્ટ્રીય સચિવ અને હિમાચલ પ્રદેશના પ્રભારી શ્રીકાંત શર્માએ કહ્યું હતું કે પાર્ટી ૧૦ કરોડના આંકડાને પાર કરી જશે. પાર્ટી સભ્ય અભિયાન શરૂ કરી ચુકી છે. પાંચ મહિના સુધી આ અભિયાન ચાલશે. નરેન્દ્ર મોદી આજે દિલ્હીમાં પોતાના સભ્યપદને રીન્યુ કરાવી ચુક્યા છે. મોદી દિવસમાં ભોપાલ જઇ રહ્યા છે. સભ્ય નોંધણી ઝંબેશમાં અનેક ટોચના નેતાઓ ભાગ લઇ રહ્યા છે. અન્ય રાજ્યોમાં પણ પણ આ ગતિવિધી શરૂ કરવામાં આવી ચુકી છે. ભાજપની સાથે-સાથે કોંગ્રેસ અને અન્ય રાજકીયપક્ષોએ પણ સભ્ય નોંધણી ઝુંબેશની તૈયારી હાથ ધરી છે. ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવવા માટે મક્કમ છે.

**દ્વેશભાવથી કાર્યવાહી નહીં કરાય**

## દરેક કાંડમાં ઉંડી તપાસ કરાવાશે : દેવેંદ્ર ફડનવીસ

મુંબઈ,તા. ૧

મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે આજે કહ્યું હતું કે, તેઓ દરેક કૌભાંડમાં તપાસ કરશે. જો જરૂર પડશે તો આક્રમક પગલા પણ લેવામાં આવશે. દેવેન્દ્ર ફડનવીસે તેમની સામે રહેલા જુદા જુદા પડકારો પર વાત કરી હતી. એનસીપીની સાથે સત્તામાં આવ્યા બાદ તેમના પર મુકવામાં આવેલા આક્ષેપોમાં તપાસ કરી શકાશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, અમે એનસીપીની સાથે આવ્યા છે પરંતુ કૌભાંડમાં તપાસ ચોક્કસપણે થશે. આદર્શ કૌભાંડમાં પણ તપાસ કરાશે. આ કૌભાંડમાં ચાર ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓના નામ સામેલ છે. આદર્શમાં પણ ફેરમુલ્યાંકન કરવામાં આવશે. અગાઉની સરકાર દ્વારા લેવામાં આવેલા પગલા વ્યક્તિગત હિતમાં લેવાયા હતા કે કેમ તેમાં પણ ધ્યાન આપવામાં આવશે. તમામ ફાઈલો ફરી વાર ખોલવાથી ખચકાટ અનુભવ કરાશે નહીં. અશોક ચૌહાણ અને સુશીલકુમાર શિંદેના નામ પણ આવી ચુક્યા છે. ભ્રષ્ટાચારને લઈને પણ તપાસ થશે. મહારાષ્ટ્રની રાજનીતિમાં હંમેશા મરાઠા પ્રભુત્વ રહ્યું છે. અમિત શાહ અને વડાપ્રધાન વગર મુખ્યમંત્રી બની શક્યા હોત કે કેમ તે અંગે પૂછાતા તેમણે કહ્યું કે, આ બન્ને લોકો આ તમામ બાબતો પરથી ખૂબ ઉપર છે. વિકાસ અને પ્રગતિની અમારી પ્રાથમિક્તા છે.

## ચીની સરહદ પર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસિત કરવા ભારત આક્રમક

નવીદિલ્હી,તા. ૧

સરહદ ઉપર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસિત કરવાની યોજનાને લઈને ચીને વાંધો ઉઠાવ્યા બાદ ભારતે ચીનની ચિંતા કર્યાવગર આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ભારતીય પ્રદેશમાં આવા પ્રજેક્ટો હાથ ધરવાનો તેને અધિકાર રહેલો છે. આવા પ્રોજેક્ટ હાથ ધરવાથી તેને કોઈપણ રોકી શકે તેમ નથી. ગૃહ રાજયમંત્રી કિરેન રિજ્જુએ એક કાર્યક્રમના ભાગરુપે વાતચીત કરતા કહ્યું હતું કે, ચોક્કસપણે અમે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રવૃત્તિને આગળ વધારી રહ્યા છે. છેલ્લા ૬૦ વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી નથી. અમારા નિવેદનને લઈને ચીનને કોઈ તકલીફ હોવી જોઈએ નહીં. અમારુ કામ કરવાથી ચીન અમને રોકી શકે તેમ નથી. ચીને તાજેતરમાં જ એવા નિવેદન સામે વાંધો ઉઠાવ્યો હતો કે, ભારત આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર માર્ગ નિર્માણની યોજના ધરાવે છે. તાવાંગમાં માગો-થીંગબુ અને અરુણાચલ પ્રદેશના ચાંગલાંગ જિલ્લામાં વિજયનગર સુધી આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ભારત માર્ગ નિર્માણની યોજના ધરાવે છે તેવા પ્રશ્ન સામે ચીને વાંધો ઉઠાવ્યો હતો. મેકમોહન લાઈન ઉપર ચીન દ્વારા માર્ગ નિર્માણની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે જેની સામે હવે ભારતે પણ તેની ગતિવિધિ હાથ ધરી છે. ચીની વિદેશમંત્રાલયના પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, ચીન-ભારત સરહદના પૂર્વીય ભાગને લઈને વિવાદ છે. અંતિમ



ઉકેલ આવે તે પહેલા ભારત પરિસ્થિતિને જટીલ બનાવવા કોઈ પગલા લેશે નહીં. રિજ્જુએ કહ્યું છે કે, અમે ભારતના પ્રદેશની અંદર સરહદી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારવાની યોજના ધરાવીએ છે. ચીનના પ્રદેશમાં કોઈ ગતિવિધિ હાથ ધરી રહ્યા નથી. તેમણે કહ્યું હતું કે, તેમના પ્રદેશમાં અમે કોઈ ગતિવિધિ કરી રહ્યા નથી. અરુણાચલ પ્રદેશમાંથી એક સાંસદ તરીકે તેમની ચૂંટણી કરવામાં આવી છે. અમારા પ્રદેશની અંદર કોઈપણ ગતિવિધિ કરવાનો અમારો અધિકાર છે. મેકમોહન લાઈન ઉપર રેલવે લાઈનના નિર્માણની ચીનની યોજના અંગે પૂછવામાં આવતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે, આમા કોઈ નવી વાત નથી. તેઓ ઘણા સમયથી આ પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે. ભારત સરકાર પણ હવે ખુબ જ ગંભીરતાપૂર્વક સરહદી વિસ્તારમાં આગળ વધવા માંગે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છ અબજ ડોલરના ખર્ચે તિબેટમાં રેલવે લાઈન બિછાવવાની યોજનાને ચીને મંજુરી આપી છે. આ રેલવે લાઈન અરુણાચલ પ્રદેશમાં ભારતીય સરહદની બિલકુલ નજીક છે. આની સામે ભારતે પણ તેની ગતિવિધિ હાથ ધરી છે. ચીન અને ભારત વચ્ચે સરહદી મુદ્દે ખણી ખેંચતાણ રહી છે. ચીન ઉપર નજર રાખવાના હેતુસર ભારતે હાલમાં જ ૫૪ વધુ સરહદી ચોકી સ્થાપિત કરવાની જાહેરાત કરી હતી જેને લઈને ચીનની ઉંઘ હરામ થઈ ગઈ હતી. તેમની સરહદના પૂર્વીય ભાગમાં ભારત અને ચીન વિવાદ ધરાવે છે. ભારત પોતાના સરહદી વિસ્તારમાં તમામ પ્રકારની ગતિવિધિને આગળ વધારવા કટિબદ્ધ છે. ભારત અને ચીન વચ્ચે હાલમાં જ ચીની સૈનિકોની ઘુસણખોરીને લઈને ભારે વિવાદ રહ્યો હતો. ભારત અને ચીન સરહદી વિવાદોને ઉકેલવા બંને દેશો તેમની કટિબદ્ધતા પણ દર્શાવી ચુક્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચીની પ્રમુખ સમક્ષ આ મુદ્દો હાલમાં જ ઉઠાવ્યો હતો.




પુષ્કર તળાવના કિનારે આવેલ પૌરાણિક શહેર પુષ્કર શહેરમાં ૩૦ ઓક્ટોબરથી ૬ નવેમ્બર કાર્તિકી પૂર્ણિમા સુધી યોજાયેલ ઊંટ મેળામાં વિદેશી સહેલાણીઓ ઊંટ સવારીનો આનંદ ઉઠાવતા નજરે ચઢે છે.

## કોંગીની જવાબદારી રાહુલ પોતાના હાથમાં લે તે જરૂરી : દિગ્વિજય

નવીદિલ્હી,તા. ૧

કોંગ્રેસ પાર્ટીમાં નેતૃત્વને લઈને હવે વિરોધના સુર જોવા મળી રહ્યા છે. એકબાજુ ભૂતપૂર્વ નાણાપ્રધાન ચિદમ્બરમ કહી ચુક્યા છે કે, ભવિષ્યમાં ગાંધી પરિવારની બહારની કોઈ વ્યક્તિ હોઈ શકે છે. બીજી બાજુ પક્ષના મહાસચિવ દિગ્વિજયસિંહે કહ્યું છે કે, રાહુલ ગાંધીના નેતૃત્વને પાર્ટીમાં કોઈ પડકાર નથી. સોનિયા ગાંધી પાસેથી રાહુલે કોંગ્રેસની જવાબદારી લઈ લેવી જોઈએ. સોનિયા ગાંધીને સલાહકાર તરીકે હવે રાખવાની જરૂર છે. દિગ્વિજયસિંહે કહ્યું છે કે, હવે એવો સમય આવી ગયો છે જ્યારે રાહુલ ગાંધીએ તમામ જવાબદારી પોતાના હાથમાં લઈ લેવી જોઈએ.સોનિયા ગાંધી માર્ગદર્શન કરી શકે છે. તેમણે કહ્યું હતું કે, રાહુલને વહેલીતકે પાર્ટીના પ્રમુખ બનાવીને દેશના લોકોનો સંપર્ક કરાવવો જોઈએ. સોનિયા ગાંધી



યુપીએના અધ્યક્ષ તરીકે રહી શકે છે. દિગ્વિજયસિંહ ઉપરાંત અહેમદ પટેલ, એકે એન્ટોની, પી. ચિદમ્બરમ, અંબિકા સોની, અશોક ગેહલોત, શીલા દિક્ષિત, વિરપ્પા મોઈલી, ગુલામ નબી આઝાદ, મલ્લિકાર્જુન ખડગે, મુકુલ વાસનીક જેવા પક્ષના દિગ્ગજ નેતાઓ છેલ્લા કેટલાક સમયથી આ વિષય પર રાહુલ સાથે વાત કરી ચુક્યા છે.

કેટલાક નેતાઓ તો કહી ચુક્યા છે કે, તેઓ પોતાનો અભિપ્રાય પણ આપી ચુક્યા છે. કેટલાક પ્રભાવી કોંગ્રેસી નેતાઓમાં એવો વિશ્વાસ પણ છે કે, જવાબદારી સંભાળવાથી ખચકાટ અનુભવ કરી રહેલા રાહુલ ગાંધી ચૂંટણીમાં પાર્ટીની સતત હાર બાદ આગળ આવીને મોરચા સંભળવા માટે તૈયારી દર્શાવી શકે છે. જેટલી વહેલીતકે રાહુલ પાર્ટીની જવાબદારી સંભાળશે તેનાથી પાર્ટીને ફાયદો થશે. કારણ કે, રાહુલ દ્વારા જ રૂરી માર્ગદર્શનથી આશંકાઓ દૂર થશે. લોધી એસ્ટેટવાળા પોતાના ઘરની વાત કરતા દિગ્વિજયએ કહ્યું હતું કે, રાહુલ કોંગ્રેસના નેતૃત્વ કરનાર તરીકે ચૂંટાઈ આવ્યા છે. રાહુલની સામે પડકાર ફેંકે તેવા કોઈ નેતા કોંગ્રેસમાં નથી. પાર્ટી હાઈકમાન્ડના સ્તરે ફેરફારના સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, રાહુલ એક વખતે જવાબદારી સંભાળી લે ત્યારબાદ ફેરફાર થઈ શકે છે.

## બર્ધવાન બ્લાસ્ટ અંગે માહિતી આપનારને ૧૦ લાખનુ ઈનામ

બર્ધવાન,તા. ૧

બર્ધવાન બ્લાસ્ટ કેસમાં ઉંડી તપાસ ચાલી રહી હોવા છતાં હજુ સુધી નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીને કોઈ નક્કર માહિતી મળી શકી નથી. જેના પરિણામસ્વરૂપે હવે તપાસ સંસ્થા દ્વારા ફરાર થયેલા ૧૨ શખ્સોની ઉંડી તપાસ હાથ ધરી છે. તેમની ધરપકડ તરફ દોરી જનાર માહિતી આપનારને હવે તપાસ સંસ્થા ૧૦ લાખ રૂપિયા આપવા તૈયાર થઈ છે. આકસ્મિકરીતે બ્લાસ્ટ થતા બંગાળ સરકાર હચમચી ઉઠી છે. છેલ્લા કેટલાક દિવસથી તપાસ ચાલી રહી છે. એનઆઈએ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે પાંચ ફરાર અપરાધીઓ અંગે માહિતી આપનારને ૧૦ લાખનુ ઈનામ અપાશે જ્યારે બાકીના સાત આરોપીઓ અંગે માહિતી આપનારને પાંચ લાખ રૂપિયાનુ ઈનામ આપવામાં આવનાર છે. બ્લાસ્ટમાં જમ્માત ઉલ મુઝાહીદીન બાગ્લાદેશના સભ્યોના કનેકશનના અહેવાલ આવ્યા લબાદ ઈનામની જાહેરાત કરવામાં આવી છે. સુત્રો કહ્યું છે કે તપાસ સંસ્થા એનઆઈએની ટીમ બાંગ્લાદેશની પણ ટુંક સમયમાં મુલાકાત લે તેવી શક્યતા છે. સત્તાવાર સુત્રોએ કહ્યું છે કે તપાસ દરમિયાન એનઆઈએ પાસે ભારતભરમાં જેએમબીના સભ્યોની પ્રવૃતિ અંગે પણ માહિતી મળી છે. જેથી તપાસ અતિ જરૂરી બની છે. પડોશી દેશમાં તેમના સંબંધોને લઈને પણ સરકાર અને એનઆઈએ ગંભીર છે. બર્ધવાન બ્લાસ્ટમાં સામેલ કેટલાક શખ્સોની ધરપકડ કરીને પુછપરછ કરાતા એનઆઈએ એવા તારણ પર પહોંચી છે કે ચાર બેંચમાં ઓછામાં ઓચા ૧૨૦ બોમ્બ બાંગલાદેશમાં મોકલી દેવામાં આવ્યા હતા. બે ફરાર શખ્સો અને મુખ્ય સુત્રદાર શેખ કૌસર અને યુસુફ બાંગલાદેશી નાગરિકો છે. સાથે સાથે ભારતમાં તેમના જોરદાર કનેક્શન છે. ભારતે બાંગલાદેશ સરકાર પાસેથી પણ અહેવાલની માંગ કરી છે. તપાસ સંસ્થા ટુંક સમયમાં બાંગલાદેશની મુલાકાત લે તેવી શકયતા છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોવલ હાલમાં બર્ધવાન પહોંચ્યા હતા.ભારતીય જમીન પરથી બાંગલાદેશને ટાર્ગેટ બનાવવાના કાવતરા અંગે માહિતી મેળવી હતી.

## કોમવાદ સામે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ શરૂ કરવાનો નિર્ણય

નવીદિલ્હી,તા. ૧

ડાબેરી નેટવર્કને વધુ ફેલાવવાના હેતુસર છ ડાબેરી પક્ષોની આજે મહત્વપૂર્ણ બેઠક દિલ્હીમાં યોજાઈ હતી જેમાં કોમવાદ સામે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. લોકોની આજીવિકા અને જીવન ધોરણને નુકસાન કરતા પરિબળો તરફ ધ્યાન આપવામાં આવશે. છ ડાબેરી પક્ષો એક સાથે હાથ મિલાવી ચુક્યા છે. સંયુક્તરીતે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ ચલાવવામાં આવનાર છે. જો છ પક્ષો એક સાથે આવ્યા છે તેમાં સીપીઆઈએમ, સીપીઆઈ, આરએસપી, ફોરવર્ડ બ્લોક, કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા અને સોશ્યલિસ્ટ યુનિટિ સેન્ટર ઓફ ઈન્ડિયાનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આજે બે કલાક સુધી તેમની બેઠક ચાલી હતી. આ ગાળા દરમિયાન તોઓએ ૮મી ડિસેમ્બરથી રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. નરેન્દ્ર મોદી સરકાર કોર્પોરેટ અને હિન્દુત્વના મજબૂત ટેકાથી આગળ વધી રહી છે. સીપીઆઈએમના જનરલ સેક્રેટરી પ્રકાશ કારતે કહ્યું છે કે, અમે નવ મુદ્દાની માંગણી તૈયાર કરી છે જેમાં નરેગા, વિમા સેક્ટરમાં એફડીઆઈ અને ચૂંટણી વચનો પાળવામાં નિષ્ફળતાનો સમાવેશ થાય છે. કાળા નાણાના મુદ્દે પણ કોઈ પગલા લેવામાં આવ્યા નથી. આરએસએસ ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, શૈક્ષણિક વ્યવસ્થામાં ઘુસણખોરી કરવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આરએસએસ દ્વારા લવ જેહાદ નામની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

## સમાચાર ઝલક

- સુબ્રતોરોયના નખરાંથી સેબીએ સુપ્રીમમાં રાવ નાંખી.
- સ્ટેટ બેંકે તેની સુવિધામાં સર્વિસ ચાર્જમાં ધરખમ વધારો કર્યો.
- ૩૬ પીટીસી, સીપીએડ, બી.પી.એડ કોલેજો બંધ થશે.
- ૨૪ સપ્તાહ સુધી ગર્ભપાતને મંજુરી આપવા સરકારમાં વિચારણા.
- ૨૦૧૮ સુધીમાં ઈન્ટરનેટનો ઉપયોગ દેશમાં ૫૨ કરોડથી વધુ હશે.
- સાણંદમાં મધરાતે પેટ્રોલ પંપ ઉપર ધાડપાડુઓ ત્રાટકયા.
- ડિસેમ્બર સુધીમાં ૩૫૦ જેટલા ટોલનાકાઓ ઈલેક્ટ્રોનિક થશે.
- સ્થાનિક સ્વરાજયોની સંસ્થાઓમાં ૫૦ ટકા મહિલા અનામત ટુંક સમયમાં અમલી બનશે.
- 'વેટ'માં વેપારીઓએ હવે દર મહિને રિટર્ન ફાઈલ કરવું પડશે.
- અમેરિકામાં ચાર જગ્યાએ ઉમિયા માતા મંદિર બનશે. ન્યૂજર્સી, બોસ્ટન, લોસ એન્જેલસ અને શિકાગો.
- ન્યૂઝીલેન્ડમાં બાળપણમાં આંખો ગુમાવેલ યુવતી કોફી ટેબલ સાથે ભટકાતાં દ્દષ્ટિ પાછી આવી ગઈ.
- ડુંગળીથી માંડીને ડિઝલ સસ્તુ. હવે ફુગાવો વધુ ઘટશે. અચ્છે દિનની શુભ શરુઆત.
- દેશનો સૌથી મોટો રાષ્ટ્રધ્વજ વડોદરામાં ફરકશે.
- આંતરરાષ્ટ્રીય યોગ દિવસના સૂચનને ૫૦ દેશોનો ટેકો.
- વિદેશીઓ માટે ભારતીય નાગરિકત્વ માટે હવે નિયમો હળવા કરાયા.
- 'બદનક્ષી' ના કાયદાનો દુરુપયોગ થતો હોવાથી સુપ્રીમ સમીક્ષા કરશે.

## ભારત અને શ્રીલંકાની વચ્ચે કટકમાં આજે પ્રથમ વન-ડે

કટક,તા. ૧

ભારત અને શ્રીલંકા વચ્ચે આવતીકાલથી પાંચ વને મેચોની શ્રેણી શરૂ થઈ રહી રહી છે. બન્ને ટીમો એક સમાન તાકાત ધરાવતી હોવાથી આ શ્રેણી રોમાંચક બને તેવી શક્યતા છે. શ્રીલંકા સામેની પ્રથમ ત્રણ મેચો માટે કેપ્ટન તરીકેની જવાબદારી વિરાટ કોહલીને આપવામાં આવી છે. કોહલી ટીમનુ નેતૃત્વ કરશે. ધોનીને થોડાક દિવસ માટે આરામ આપવામાં આવ્યો છે. ઓસ્ટ્રેલિયા અને વર્લ્ડ કપને ધ્યાનમાં લઈને ધોનીને આરામ આપવામાં આવ્યો છે. વિકેટકિપર તરીકેની જવાબદારી હાલમાં જ આઈપીએલ ફાઈનલમાં સદી કરનાર શાહને આપવામાં આવી છે. ભુવનેશ્વર કુમારને પણ આરામ આપવામાં આવ્યો છે. જેથી તોની જગ્યાએ વરૂણ આરોનને તક આપવામાં આવી છે. શ્રીલંકન ટીમ પણ આ શ્રેણીમાં શાનદાર દેખાવ કરવા માટે સજ્જ છે. કટક ખાતે અનેક વનડે રેકોર્ડ રહેલા છે. આ મેદાન ઉપર ભારતે સૌથી વધુ જુમલો ખડકેલો છે. ૧૯૯૮માં ઝિમ્બાબ્વે સામે ભારતે ત્રણ વિકેટે ૩૦૧ રન કર્યા હતા. આ ઉપરાંત બીજો જંગી જુમલો પણ ભારતે જ નવેમ્બર ૨૦૦૮માં ઈંગ્લેન્ડ સામે ખડકયો હતો. ઈગ્લેન્ડ સામે ભારતે એક વખતે ચારવિકેટે ૨૭૩ રન બનાવ્યા હતા. બન્ને ટીમો સંતુલિત ટીમ હોવાથી રોમાંચકતા રહે તેવી શક્યતા છે.

વેસ્ટ ઈન્ડિઝે હાલમાં અધવચ્ચે પ્રવાસને પડતો મુકતા તકલીફ ઉભી થઈ હતી. જેથી હવે તેની જગ્યાએ શ્રીલંકા ટીમને બોલાવવામાં આવી છે. નાણાંકીય વિવાદ થતા વિન્ડીઝના ખેલાડી અધવચ્ચે ખસી ગયા હતા. વેસ્ટ ઈન્ડિઝ સામેની વનડે મેચમાં આરામ કરનાર અશ્વીનનો ફરી સમાવેશ કરવામાં આવ્યો છે. રોહિત શર્મા અને અન્ય સ્ટાર ખેલાડી પર ભારતીય ચાહકોની નજર રહેશે. આગામી પ્રવાસ અને વર્લ્ડ કપને ધ્યાનમાં લઈને પણ ભારતે તેની તૈયારી જારી રાખી છે.હાલમાં તમામ પ્રયોગ કરવામાં આવી રહ્યા છે. ભારતીય ટીમ ઘરઆંગણે શાનદાર દેખાવ કરવા માટે તૈયાર દેખાઈ રહી છે. બીજી વન ડે મેચ અમદાવાદમાં રમાનાર છે. ભારતીય ટીમ નીચે મુજબ છે.

કોહલી(કેપ્ટન), શિખર ધવન, રહાણે, સુરેશ રેના, રાયડુ, શાહ, અશ્વીન, રવિન્દ્દ્ર જાડેજા, ઉમેશ યાદવ, ઈશાંત સર્મા, અમિત મિશ્રા, મુરલી વિજય, વરૂણ આરોન, અક્ષય પટેલ

## સરહદી વિવાદને ઉકેલવા આસામ-નાગાલેન્ડ સંમત

નવીદિલ્હી,તા. ૧

નાગાલેન્ડના મુખ્યમંત્રી ટીઆર ઝેલિયાંગ અને આસામના મુખ્યમંત્રી તરુણ ગોગોઈ હાલમાં જ કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહને મળ્યા હતા. ઉચ્ચ સ્તરીય બેઠકના ભાગરુપે સરહદી મુદ્દા પર ચર્ચા થઈ હતી. આસામ અને નાગાલેન્ડ સરહદી પરિસ્થિતિને ઉકેલવા હવે સહમત થઈ ગયા છે.

કેન્દ્રીય પ્રધાને આંતરરાજ્ય સરહદ ઉપર લોકથી લોક સંપર્કને વધારવા અને આને મજબૂત કરવા બંને રાજ્યોને અપીલ કરી હતી. સંબંધોને મજબૂત કરવાની જરૂરિયાત ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. બેઠક દરમિયાન લેવામાં આવેલા નિર્ણય મુજબ બંને રાજ્યોના મુખ્ય સચિવ બે સપ્તાહના ગાળામાં કેન્દ્રીય ગૃહમંત્રાલયને તેમના સૂચનો આપશે. ત્યારબાદ આ દિશામાં વિચારણા કરવામાં આવશે. બંને મુખ્યમંત્રીઓ હાલમાં જ જુદી જુદી રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ મળ્યા હતા અને સંબંધિત રાજ્યોમાં પ્રવર્તી રહેલી સ્થિતિ અંગે તેમને માહિતગાર કર્યા હતા. ટૂંકમાં સરહદી સમસ્યા ઉકેલવા બંને રાજ્યો રાજી થયા છે.

**૧૫ દિનમાં જવાબ આપવા બીસીસીઆઈનો આદેશ**

## વિન્ડિઝ બોર્ડ પાસેથી ૨૫૦ કરોડના વળતરની માંગણી

મુંબઈ ,તા. ૧

બીસીસીઆઈએ વેસ્ટઇન્ડિઝ ક્રિકેટ બોર્ડ પાસેથી વળતરરુપે ૨૫૦ કરોડ રૂપિયાની જંગી માંગણી કરી છે. ભારતના પ્રવાસ દરમિયાન અધવચ્ચે ખસી જવા બદલ આ વળતરની માંગ કરવામાં આવી છે. ૧૫ દિવસની અંદર જો વિન્ડિઝ બોર્ડ જવાબ નહીં આપે તો કાયદાકીય પગલા લેવાની ધમકી પણ આપવામાં આવી છે. વેસ્ટઇન્ડિઝ ક્રિકેટ ટીમ પાંચ વનડે મેચો , એક ટ્વેન્ટી મેચ અને ત્રણ ટેસ્ટ મેચ રમવાના હેતુસર પહોંચી હતી . જો કે , ચોથી વનડે મેચ દરમિયાન જ વિન્ડિઝના ખેલાડીઓ અધવચ્ચેથી ખસી ગયા હતા . વિન્ડિઝના ખેલાડીઓ અને વિન્ડિઝ પ્લેયર્સ એસોસિએશન વચ્ચે નાણાંકીય વિવાદ સપાટી ઉપર આવ્યો હતો . આ પ્રવાસ રદ થવાના લીધે બીસીસીઆઈને ૪૦૦ કરોડનું નુકસાન થયું છે . વિન્ડિઝ ક્રિકેટ બોર્ડના પ્રમુખ ડેવ કેમરુનને ચાર પાનાનો પત્ર લખીને ઘણી બધી રજૂઆત કરવામાં આવી છે . આ ચાર પાનાના પત્રમાં સેક્રેટરી સંજય પટેલે ઉલ્લેખ કર્યો છે કે , જો વળતરની બાબતને જો ધ્યાનમાં લેવામાં નહીં આવે તો કાયદાકીય પગલા લેવામાં આવશે. પત્રને ગંભીરતાથી લેવા માટે પણ કહેવામાં આવ્યું છે. બીસીસીઆઈના સેક્રેટરીએ એમ પણ કહ્યું છે કે, બોર્ડ મામલાની ગંભીરતાને લઇને વાકેફ છે . કારણ કે વિન્ડિઝના કેપ્ટન બ્રાવોએ જાહેરાત કરી હતી કે , જો નવા પગારના માળખાને ધ્યાનમાં લેવામાં નહીં આવે તો કઠોર પગલા લેવામાં આવશે . વિન્ડિઝ ખેલાડીઓ ધર્મશાળા વનડેમાં રમવા માટે પણ તૈયાર ન હતા પરંતુ બીસીસીઆઈના અધિકારીઓની વિનંતી બાદ આ મેચ રમાઈ હતી . બીસીસીઆઈને ભારે નુકસાન આ પ્રવાસ રદ થવાના લીધે થયું છે. વિન્ડિઝ પાસેથી વળતરરુપે ૨૫૦ કરોડની માંગ કરવામાં આવતા હવે ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ અને વિન્ડિઝ ક્રિકેટ બોર્ડ વચ્ચે પણ જોરદાર ખેંચતાણ વળતરના મુદ્દાને લઇને થાય તેવી શક્યતા છે.